ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૫૪ ટકા

# મોંઘવારીનો માર દિવાળીની ચમક ઝાંખી પાડશે

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં તહેવારોની સિઝનમાં શાકભાજીના ભાવમાં વધારો થયો છે. એક તરફ માર્કેટમાં ધીમે ધીમે ગ્રાહકોની ખરીદી માટેની ભીડ જોવા મળી રહી છે તો બીજી તરફ રોજબરોજની વપરાતી ચીજવસ્તુના ભાવ આસમાનને આંબી રહ્યા છે. જેમાં શાકભાજીના ભાવ સાતમા આસમાને આવી ચઢયા છે જેને લઈને ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે.

શહેરમાં તહેવારોના દિવસોમાં જ શાકભાજીના ભાવમાં ઉછાળો આવી ગયો છે. માર્કેટીંગ યાર્ડમાં આવક તો થઈ રહી છે પરંતુ માંગ વધવાથી તરત જ શાકભાજીનો નિકાલ થઈ જાય છે. બજારમાં શાકભાજીના ભાવ સાંભળતા જ તમ્મર આવી જાય તે મુજબના શાકભાજીમાં ભાવ વધારો થઈ રહ્યો છે. પેટ્રોલ-ડિઝલ જેમ હવે શાકભાજીના ભાવમાં પણ



સદી જોવા મળી રહી છે. જેમાં વટાણા ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો, તુવર ૧૦૦ રૂ. કિલો, ચોળી ૧૦૦ રૂપિયા કિલો, ફલાવર ૧૦૦ રૂપિયા કિલો, રવૈયા ૮૦ રૂપિયા કિલો, ટામેટા ૭૦ રૂપિયા કિલો, ડુંગળી ૬૦ રૂપિયા કિલો, ભીંડા ૫૦ રૂપિયા કિલો, કોબીજ ૫૦ રૂપિયા કિલો, પરવળ ૬૦ રૂપિયા કિલો, કાળા રીંગણ ૬૦ રૂપિયા કિલો, ગુલાબી રીંગણ ૫૦ રૂપિયા કિલો, દૂધી ૫૦ રૂપિયા કિલો આદુ અને કાકડી ૬૦ રૂપિયા કિલોના ભાવમાં વેચાઈ રહી છે.

પેટ્રોલના ભાવમાં વધારાના કારણે મોંઘવારી મોંઘવારી મોંઘવારી... જયાં જોવો ત્યાં ગ્રાહકોને મોંઘવારી નડી રહી છે. લીલા શાકભાજીમાં સસ્તામાં સસ્તુ શાકભાજી બટાટા, ડુંગળી અને રીંગણ ગણાય છે. પરંતુ ડુંગળી અને રીંગણના ભાવમાં પણ વધારો બોલાતા મધ્યમ અને ગરીબ વર્ગને શાકભાજી ખરીદવી મુશ્કેલ બની ગઈ છે. લીલા વટાણા અત્યારે ૨૦૦ રૂપિયા કિલોની ટોચે પહોંચ્યા છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ દરરોજ રેકોર્ડ બનાવી રહ્યા છે. પેટ્રોલનો ભાવ ૧૦૪.૩૫ રૂપિયા પ્રતિ લીટર, ડિઝલનો ભાવ ૧૦૩.૯૨ રૂપિયા પ્રતિ લિટર છે. નાગરિકો માટે મોંઘવારી શબ્દ સાથે જીવવું હવે જાણે મજબૂરી થઈ ગયું હોય તેવું દેખાઈ રહ્યું છે.

**પેટ્રોલનો ભાવ - ૧૦૪.૩૫ રૂ.**
**ડિઝલનો ભાવ - ૧૦૩.૯૨ રૂ.**
●●●●
**સોનાનો ભાવ - ૪૯,૦૦૦ થી ૫૦,૦૦૦**
**ચાંદીનો ભાવ - ૬૩,૦૦૦ થી ૬૪,૦૦૦**

સોનાના ભાવમાં ૩૯૦૦ રૂપિયાનો વધારો થયો છે. દિવાળી પર્વમાં સોનું અધ્ધર ચડયું છે. ૨૨ કેરેટ સોનાના ભાવમાં ૩૯૦૦ રૂપિયાનો વધારો થયો છે. ૨૪ કરેટે સોનાનો ભાવ ૪૯,૦૦૦થી ૫૦,૦૦૦ રૂપિયાની આસપાસ ચાલી રહ્યો છે. ચાંદી ૬૩,૦૦૦ થી ૬૪,૦૦૦ રૂપિયાની આસપાસ ભાવ ચાલી રહ્યો છે.

આમ તહેવારોના દિવસોમાં ખરીદી કરવી મોંઘી બનશે ઉપરાંત રજાના દિવસોમાં હરવું ફરવું પણ મોંઘુદાટ લાગશે. તહેવારોમાં પરિવાર સાથે બહાર રેસ્ટોરાં અને હોટલોમાં જમવા જવું પણ આ મોંઘવારીના સમયમાં મોંઘું બનશે. હરવા ફરવાથી લઈ ખાવા પીવાની તમામ ચીજવસ્તુઓમાં મોંઘવારની અસર જોવા મળશે.

## જન્મદિને વધામણી




ક્રિશ
યોગેશકુમાર આનંદ
મો. ૯૮૯૮૧ ૧૩૧૩૧



ભરતભાઈ સોલંકી
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩

# ગિફટ સિટી રનફેસ્ટ મેરેથોન યોજાઈ




ગાંધીનગર, તા.૨૫

ગિફટ સિટી અને એનએસઈ આઈએફએસસી દ્વારા સંયુક્તપણે ગિફટ સિટી રનફેસ્ટ મેરેથોનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગિફટ સિટી ખાતે મોટી સંખ્યામાં સહભાગીઓ સામેલ થયાં હતાં.

એનએસઈને ગ્રૂપ પ્રેસિડેન્ટ રવી વારાણસી દ્વારા સવારે ૬.૧૫ કલાકે ૧૧ કિમી તથા ૬.૩૦ કલાકે ૫ કિમી રનને લીલી ઝંડી આપવામાં આવી હતી. તેમની સાથે સંદીપ શાહ (હેડ, આઈએફએસસી, ગિફટ સિટી), એનએસઈ આઈએફએસસીના સીઈઓ તેમજ એચડીએફસી બેંક, એક્સિસ બેંક અને એસબીઆઈના આઈબીયુ વડા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

એનએસઈ આઈએફએસસી – ગિફટ સિટી રનફેસ્ટ મેરેથોનની પ્રથમ આવૃત્તિથી યુવાનથી લઈને વૃદ્ધો સુધીના તમામ વયજૂથના લોકોને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહન મળ્યું હતું. આ વર્ષ પડકારજનક રહ્યું હોવા છતાં અમદાવાદ અને ગાંધીનગરના લગભગ ૪૦૦ લોકો રનમાં સામેલ થયાં હતાં. ઉલ્લેખનીય છે કે ગિફટ સિટીમાં ક્લિન અને ગ્રીન એનવાયર્નમેન્ટથી પણ રનર્સને આદર્શ માહોલ મળ્યો હતો અને તેમની દોડમાં ઉત્સાહ સ્પષ્ટ પણે વર્તાયો હતો. ૧૧ કિમી ગિફટ સિટી રનફેસ્ટ મેરેથોન મેલ કેટેગરીના વિજેતા શ્રીકાંત યાદવ તથા ૧૧ કિમી ફિમેલ કેટેગરીમાં અર્પિતા પંડ્યા વિજેતા જાહેર થયાં હતાં.

ગિફટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે, આ કાર્યક્રમને મોટી સંખ્યામાં લોકો તરફથી પ્રાપ્ત સકારાત્મક પ્રતિસાદથી અમે ઉત્સાહિત છીએ. એનએસઈના ગ્રૂપ પ્રેસિડેન્ટ રવી વારાણસીએ કહ્યું હતું કે, એનએસસી આઈએફએસસી ગિફટ સિટી રનફેસ્ટ મેરેથોનની પ્રથમ આવૃત્તિમાં સામેલ થનાર દરેક સહભાગીના અમે આભારી છીએ.



સેકટર-૨ના બગીચામાં ગાંધીનગર વસાહત મહાસંઘની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેશરીસિંહ બિહોલા અને અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ગાંધીનગરના પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. નાવિક ઠકુરાબેન છબીલદાસ, ઉ.વ. ૬૧, જીઈબી કોલોની

## ઉવારસદ-વાવોલ માર્ગ પર અજાણ્યા વાહનની અડફેટે ભિક્ષુકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૫

ઉવારસદ ખાંટ વાસ ખાતે રહેતા મહેશજી કનુજી ઠાકોર રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. મહેશ ઠાકોર સવા આઠ વાગ્યાના અરસામાં રીક્ષા લઈને ખેતર તરફ જઈ રહ્યા હતા. તે સમયે વાવોલ - ઉવારસદ માર્ગ પર દિવ્ય ફાર્મ નજીક કેટલાક વ્યકતિઓ એકઠા થયા હતા. મહેશભાઈએ ત્યાં જઈને જોયુ તો અકસ્માત થયો હતો અને ભિક્ષુક જેવા લાગતા ૪૫ થી ૫૦ વર્ષિય વ્યકિતનું મૃત્યુ થયું હતું. મહેશજી પુછપરછ કરતા ઉવારસદ ગામના અન્ય વ્યકતિએ જણાવ્યું હતું કે રાત્રીના ૮.૩૦ વાગ્યાના અરસામાં અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન પુરઝડપે ગફલતભરી રીતે હંકારી અજાણ્યા ભિક્ષુક જેવા લાગતા વ્યકિતને ટક્કર મારતા શરીરે ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ નિપજયુ હતું. જયારે રાત્રીના અંધકારમાં વાહન ચાલક ટક્કર મારી નાસી ગયો હતો. બનાવની જાણ થતા તાત્કાલીક અડાલજ પોલીસ આવી જઈને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ







ગાંધીનગર, તા.૨૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ' નિમિત્તે તાજેતરમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમના સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રો. બી. ડી. ઢીલાએ તમામ પ્રતિભાગીઓને આવકાર્યા હતા તથા કુલસચિવ શ્રી ડૉ. અશોકભાઈ એન. પ્રજાપતિએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. સમાજકાર્યના અધ્યક્ષા શ્રી રીનાબા રાઓલ અને મનોવિજ્ઞાન વિભાગનાં અધ્યાપિકા ડૉ. અંજના ચૌહાણે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. વક્તૃત્વ સ્પર્ધાના પ્રથમ વિજેતા કુ. શિકારી મોનિકા કે., (પીએચ.ડી.-સાઈકોલોજી)- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, દ્વિતીય વિજેતા કુ. રાજેશ્વરીબા ચાવડા, સેમેસ્ટર-ત્રણ (સમાજકાર્ય)- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તેમજ તૃતીય વિજેતા તરીકે ભાંડવાકર યશવી આશિષભાઈ - એફ. વાય. બી. એ.(અંગ્રેજી )- શ્રી. એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ અને હોમ સાયન્સ કોલેજ મહેસાણાની વિદ્યાર્થિની રહી. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન મનોવિજ્ઞાન વિભાગના અધ્યાપક તેમજ કાર્યક્રમના કો-ઓર્ડિનેટર ડૉ. રોનક પરમારે કર્યું હતું અને ડૉ. અંજના ચૌહાણે કાર્યક્રમની આભારવિધિ કરી હતી.

# વિદ્યાપીઠ સંકુલ સાદરામાં મૈત્રી મિલન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૫

સંકુલ સાદરામાં સ્નાતક થયેલા વર્ષ ૧૯૮૧થી વર્ષ ૨૦૨૧ સુધીના ૪૦ વર્ષ દરમિયાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે મૈત્રી મિલન યોજાયું હતું. જેમાં ૨૦૦ સ્નાતકો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન સ્નાતક સંઘના પ્રમુખ ડૉ. મોતીભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે અધ્યાપકોએ ઉપસ્થિત રહી મૈત્રી મિલનમાં આવેલા તમામને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તેજસ ઠાકર, ભરત પટેલ, શૈલેન વાઘેલા, સુખદેવ ઝાલાએ કર્યું હતું.

# દિપક વ્યાસ ડૉ. પવન અગ્રવાલ એકસીલેન્સ એવોર્ડ ૨૦૨૧થી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૨૫

દિપકકુમાર ગુણવંતભાઈ વ્યાસને ગાંધીનગર વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ૨૦૧૮માં પોસ્ટ આપવામાં આવી હતી. ત્યારબાદ દિપક વ્યાસ દ્વારા ગુજરાતમાં ચાલતા ડુપ્લીકેટ માવા ફેકટરી, મીઠાઈ, ઘી, તેલ, પનીર જેવા



ડુપ્લીકેટ અખાદ્ય પદાર્થ બનાવતી ફેકટરી અને એકમો વિરુધ્ધ કાર્યવાહી કરતા અને ગાંધીનગર-અમદાવાદની ઘણી ડુપ્લીકેટ ફેકટરીને ડિપાર્ટમેન્ટની સાથે રહીને બંધ કરાવી હતી તેમની ઉત્કૃષ્ટ કામગીરીને લઈને FDCWC કમિટી દ્વારા તેમને પ્રમોશન આપીને જનરલ સેક્રેટરી ગુજરાત પદ પર નિયુકત કરવામાં આવ્યા હતા. ફૂડ એન્ડ ડ્રગ્સ કંઝયુમર વેલ્ફેર કમિટી રાષ્ટ્રીય સ્તર પર નવા ગ્રાહક સંરક્ષણ કાયદા ૨૦૧૯ અને FSSAI ૨૦૨૦ના નિયમો અનુસાર ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખી સમાજમાં જનજાગૃતિ નિર્માણ કરનારી સંસ્થા છે. સંસ્થા સમાજમાં સારા કાર્યો કરી જનતાના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પ્રયત્ન કરે છે. ડૉ. પવન અગ્રવાલ એકસીલેન્સ એવોર્ડ ૨૦૨૧માં દિપક વ્યાસને કમિટીમાં ઉત્કૃષ્ટ કામગીરી અને કોવિડ ૧૯માં સમાજ સેવાબદલ એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી અનિલભાઈ મોરે (પ્રેસીડેન્ટ ગુજરાત), રાકેશભાઈ પ્રજાપતિ (વાઈસ પ્રેસિડેન્ટ), વસીમભાઈ કાદરી (સેક્રેટરી ગુજરાત), ડેવિસ જેકોબ(જનરલ સેક્રેટરી), પ્રતીકભાઈ શાહ (પ્રેસિડેન્ટ અમદાવાદ ડિસ્ટ્રીકટ), જગજીતસીંગ (વાઈસ પ્રેસિડેન્ટ અમદાવાદ) સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# MRDC ડાન્સ ગ્રુપ અમદાવાદી ટેલેન્ટ હન્ટમાં વિજેતા






ગાંધીનગર, તા.૨૫

શહેરમાં જાણીતા ડાન્સ કલાસ MRDC ડાન્સ ગ્રુપ (મેગી રોકર્સ ડાન્સ કલાસ) એ અમદાવાદી ટેલેન્ટ હન્ટ ૨૦૨૧ સ્પર્ધામાં ભાગી લધો હતો. જેમાં MRDC ડાન્સ ગ્રુપ પ્રથમ ક્રમે વિજેતા બન્યું છે. ગાંધીનગરનું ગૌરવ બનેલા MRDC ડાન્સ ગ્રુપના વિજેતાઓને અમદાવાદી ટેલેન્ટ હન્ટ ૨૦૨૧ સ્પર્ધામાં ૧૦,૦૦૦ રૂપિયાનું ઈનામ મળ્યું છે. આ સ્પર્ધામાં ૩૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાંથી MRDC ડાન્સ ગ્રુપ પ્રથમ ક્રમે વિજેતા બન્યું છે. આ ડાન્સ ગ્રુપમાં કુલ ૧૯ ડાન્સર્સે પર્ફોમન્સ આપ્યું હતું. તેઓને કેશપ્રાઈસ ઉપરાંત ટ્રોફી પણ મળી છે. આ ડાન્સ ગ્રુપ વર્લ્ડ કવોલિફાયર, ઈન્ડિયન હીપહોપ ડાન્સ ચેમ્પિયનશીપ બ્રોન્ઝ મેડાલિસ્ટ છે. અભિરાજસિંહ ઝાલા MRDC ડાન્સ ગ્રુપને વિવિધ ડાન્સ સ્પર્ધાઓમાં લઈ જઈને શહેરનું ગૌરવ વધારી રહ્યા છે. તમામ ડાન્સર્સને ગાંધીનગર સમાચાર અભિનંદન પાઠવે છે.

# મહાત્મા મંદિરથી 'ક' રોડને જોડતાં અન્ડરપાસમાં રોંગસાઈડર્સનું દૂષણ વધ્યું

## વારંવાર નાના-મોટા અકસ્માતથી ચર્ચામાં રહેતા અન્ડરપાસમાં 'સેલ્ફી' કે વિડીયોગ્રાફીનો ક્રેઝ પણ વાહનચાલકો માટે અડચણરૂપ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં નવા બનેલા અને બની રહેલા અંડરપાસ સતત ચર્ચામાં રહ્યાં છે. શહેરના કેપિટલ રેલ્વે સ્ટેશન પાસેથી 'ક' રોડને જોડતો અન્ડરપાસ વારંવાર થતાં અકસ્માતને કારણે ચર્ચાસ્પદ બની રહ્યો છે. આ અન્ડરપાસમાં વાવોલ તરફથી મહાત્મા મંદિર તરફ આવતા ટ્રેક પર 'રોંગ સાઈડર્સ'નું દૂષણ વધી રહ્યું છે. જે વધુ જોખમી છે. આ ઉપરાંત અન્ડરપાસમાં ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી- કે સેલ્ફી લેનારાની સંખ્યા પણ વધુ જોવા મળે છે જે ઘણીવાર ટ્રાફિકને અડચણરૂપ બને છે.

મહાત્મા મંદિરથી 'ક' રોડને જોડતા અન્ડરપાસને 'દાંડી કુટિર' પાસે હોવાથી ગાંધીજીની થીમ આધારિત સુશોભિત કરવામાં આવ્યો છે. આ કારણે આકર્ષક બનેલા અન્ડરપાસમાં સોશિયલ મિડીયાના ક્રેઝી યુવાનો માટે એક 'સેલ્ફી' પોઈન્ટ બની ગયો હોય તેવી હાલત છે. વળી, અનેક યુવા ગ્રુપ આ અન્ડરપાસમાં તેમના શોર્ટ વિડીયો કે રીલ બનાવવા માટે ધૂમ બાઈકીંગ જેવા સ્ટંટ ઉપરાંત અલગઅલગ પ્રકારે વિડિયોગ્રાફી કરવા આવી પહોંચે છે જે ઘણીવાર ત્યાંથી પસાર થતા વાહનચાલકો માટે અડચણરૂપ બનવા સાથે જોખમી બની રહ્યાં છે. અન્ડરપાસના ભીંતચિત્રો તથા ડિવાઈડર પરના ફુલછોડને કારણે અહીં આ ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે.

### અન્ડરપાસમાં સીસીટીવી કેમેરા લગાડી રોંગસાઈડર્સને ઝડપો

'ક' રોડ અને 'ખ' રોડને જોડતાં રેલ્વે ટ્રેક નીચેના અન્ડરપાસમાં લગભગ દર અઠવાડિયે એક અકસ્માતની સરેરાશથી નાના મોટા અકસ્માત થવા પામી રહ્યાં છે. હજુ ગત સપ્તાહે જ એક કારચાલક અને ટુ વ્હીલર ચાલક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અન્ડરપાસમાં સીસીટીવી કેમેરા લગાડીને રોંગસાઈડર્સ પર કડક કાર્યવાહી કરીને નિયંત્રિત કરવા જોઈએ તેવો આ વિસ્તારના નાગરિકોનો મત છે.

વળી, આ અન્ડરપાસના 'ક' રોડ પરની એન્ટ્રી વધુ 'વાઈડ' બનાવાઈ છે જે નિયમિત વાહનચાલકો માટે આવકારદાયક છે પરંતુ તેનો ગેરલાભ લઈને વાવોલ તરફથી આવતા ઘણા બાઈક ચાલકો રોંગ સાઈડ જ એન્ટ્રી થઈ અન્ડરપાસમાં ઘુસી જાય છે જે તેમની સામે આવતા વાહનચાલકો માટે જોખમી બને છે. કેમકે એક તો લાંબા ઢોળાવ સાથે 'ખ' રોડ તરફના ભાગે મોટો વળાંક ધરાવતા અન્ડરપાસમાં સામેથી કોઈરોંગ સાઈડમાં આવી રહ્યું હોય તે જલ્દી કળી શકાતું નથી. આ અન્ડરપાસમાં રોંગસાઈડર્સ પર નિયંત્રણ મુકવું જરુરી જણાય છે.